ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવા બાબત.

---

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૫-૭-૨૦૧૧

વંચાણે લીધા :-(૧) સા.વ.વિ.નો તા: ૧૦-૩-૨૦૦૦નો ઠરાવ ક્રમાંક : ભરત-૨૧૯૭-ક.
(૨) સા.વ.વિ.નો તા: ૭-૯-૨૦૦૨નો ઠરાવ ક્રમાંક: ભરત-૧૨૦૧-૯૧૦(૨) ક.
(૩) સા.વ.વિ.નો તા: ૭-૯-૨૦૦૨નો ઠરાવ ક્રમાંક: ભરત-૧૨૦૧-૯૧૦(૩) ક.
(૪) સા.વ.વિ.નો તા: ૧૫-૬-૨૦૦૪નો ઠરાવ ક્રમાંક: ભરત-૧૦૨૦૦૪-૩૮૫-ક.
(૫) સા.વ.વિ.નો તા: ૩૦-૯-૨૦૦૪નો ઠરાવ ક્રમાંક: ભરત-૧૦૨૦૦૪-૩૮૫-ક.

## ઠ રા વ

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઉપર સંદર્ભ : (૧) આગળના તા: ૧૦-૩-૨૦૦૦ના ઠરાવથી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબના સભ્યને રહેમરાહે નિમણૂક આપવાની સુધારેલ યોજના બહાર પાડવામાં આવેલ છે. અને ઉપર સંદર્ભમાં દર્શાવેલ ત્યાર બાદના અન્ય ઠરાવોથી તે યોજનામાં કેટલાક સુધારા-વધારા કરાયેલ છે.

૨. ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર કર્મચારીઓના આશ્રિતને રહેમરાહે નિમણૂક આપવા માટેની હાલની યોજનાની જોગવાઈઓ, તેના અમલીકરણમાં અનુભવાતી મુશ્કેલીઓ, રહેમરાહે નિમણૂકના અસ્વીકારના કેસોમાં થતા કોર્ટ કેસો, આ અગાઉ રહેમરાહે નોકરીની હાલની યોજનાની સમીક્ષા કરવા માટે શ્રીમતી નેત્રા શિનૉય, તત્કાલિન્ અગ્ર સચિવશ્રી (આયોજન), સામાન્ય વહીવટ વિભાગના અધ્યક્ષસ્થાને રચવામાં આવેલ સમિતિએ સ્વર્ગસ્થ કર્મચારીઓના આશ્રિતને રહેમરાહે નોકરીના બદલે ઉચ્ચક નાણાકીય સહાયની યોજના દાખલ કરવા અંગે આપેલ અહેવાલ, અને હવે " ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિ " તથા " ધી ગુજરાત સચિવાલય ફેડરેશન " દ્વારા પણ સ્વર્ગસ્થ કર્મચારીઓના આશ્રિતને રહેમરાહે નિમણૂક આપવાને બદલે ઉચ્ચક નાણાકીય સહાય આપવા અંગે કરાયેલ રજૂઆત વિગેરેને ધ્યાને લઈ, ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિતને રહેમરાહે નોકરી આપવાને બદલે, આવા સ્વર્ગસ્થ કર્મચારીઓના કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની યોજના દાખલ કરવાની બાબત કેટલાક સમયથી સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

૩. આ સમગ્ર બાબતમાં કાળજીભરી અને પુખ્ત વિચારણાના અંતે ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબના સભ્યને રહેમરાહે નિમણુક આપવાની હાલની યોજના રદ કરી, ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના કુટુંબને નીચે પ્રમાણે ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની યોજના આથી દાખલ કરવામાં આવે છે.

(૧) ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના કુટુંબને નીચે પ્રમાણે ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની રહેશે.

| ક્રમ | મૃત્યુ પામનાર કર્મચારીની સેવાનો બાકી રહેતો સમયગાળો. | ઉચ્ચક નાણાકીય સહાયની રકમ. |
|---|---|---|
| ૧. | ૨૦ વર્ષ કે તેથી વધુ સેવા બાકી હોય. | રૂ. ૬ લાખ |
| ૨. | ૨૦ વર્ષથી ઓછી પણ ૧૦ વર્ષ કે તેથી વધુ સેવા બાકી હોય. | રૂ. ૫ લાખ |
| ૩. | ૧૦ વર્ષથી ઓછી સેવા બાકી હોય. | રૂ. ૪ લાખ |

(૨) ઉપર મુજબની ઉચ્ચક નાણાકીય સહાય, નિયમિત ધોરણે, નિયત ભરતી પ્રક્રિયા દ્વારા નિમણૂક પામેલા અને ઓછામાં ઓછી પાંચ વર્ષની સેવા બજાવનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓ તેમજ વર્કચાર્જ મહેકમ પરના વર્ગ-૩ અને વર્ગ-૪ના સ્વર્ગસ્થ કર્મચારીઓના આશ્રિત કુટુંબને મળવાપાત્ર રહેશે.

રોજમદારો, કેજયુઅલ વર્કરો, એપ્રેન્ટીસો અને એડહોક, કોન્ટ્રાકટ કે પુનઃ નિયુકિતના ધોરણે નિમણૂક પામેલા કર્મચારીઓને આ યોજના લાગુ પડશે નહિ.

(૩) અવસાન પામેલા કર્મચારીના કાયદેસરનાં પત્ની કે પતિ, અથવા પુત્ર કે અપરિણીત પુત્રી (નિઃ સંતાન કર્મચારીના કેસમાં તેની હયાતી દરમ્યાન " હિન્દુ એડોપ્શન એકટ, ૧૯૫૬ " હેઠળ દત્તક વિધાન કરી કાયદેસર દત્તક લીધેલ સંતાન સાથે) કે જે સંબંધિત કર્મચારીના અવસાન સમયે સંપૂર્ણપણે તે સરકારી કર્મચારી ઉપર આધારિત હોય, અને જેના નામે કુટુંબ પેન્શન મંજૂર થવા પાત્ર હોય / મંજૂર થયેલ હોય, માત્ર તેમને જ આ ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની રહેશે.

(૪) જયાં કુટુંબમાં પતિ તથા પત્ની બંને સરકારી કર્મચારી હોય અને તે પૈકી કોઇ એકનું ચાલુ નોકરી દરમ્યાન અવસાન થાય તે સંજોગોમાં તેવા સ્વર્ગસ્થ કર્મચારીના કુટુંબને આ સહાય મળી શકશે નહિ.

(૫) ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામેલ સરકારી કર્મચારીનાં પતિ / પત્ની, ભારત સરકાર, ગુજરાત સરકાર કે અન્ય રાજય સરકાર, અર્ધસરકારી સંસ્થાઓ, રાજય / કેન્દ્ર સરકાર હસ્તકનાં બોર્ડ / કોર્પોરેશન, ગ્રાન્ટ ઈન એઇડ સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, તાલુકા / જિલ્લા પંચાયત, રાષ્ટ્રીયકૃત બેંકો, સહકારી સંસ્થાઓ (દા.ત. નાગરિક સહકારી

બેંકો, જિલ્લા દૂધ ઉત્પાદક સંઘો, ગુજકોમાસોલ, રાજયની ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ, જિલ્લા મધ્યસ્થ બેંકો વિગેરે) તથા રાજય સરકાર કે કેન્દ્ર સરકારના અધિનિયમ હેઠળ રચાયેલ સંસ્થાઓ વિગેરે પૈકી કોઇ કચેરીમાં ફરજો બજાવતા હોય તો, તેવા સ્વર્ગસ્થ કર્મચારીના કુટુંબને આ સહાય મળી શકશે નહિ.

૪. ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને આવી ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની મંજૂરી સંબંધિત ખાતાના વડાઓએ આપવાની રહેશે. સચિવાલયના વિભાગો હેઠળના કેસોમાં આવી ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની મંજૂરી સચિવાલયના સંબંધિત વિભાગોએ આપવાની રહેશે.

આવા સ્વર્ગસ્થ કર્મચારીના ડેથ સર્ટિફિકેટ તથા અન્ય જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરી, ઉપર ફકરા-૩(૩)ની વિગતે, સ્વર્ગસ્થ કર્મચારીના કુટુંબની જે વ્યકિતને કુટુંબ પેન્શન મંજૂર થવા પાત્ર હોય / મંજૂર થયેલ હોય, તેમને આ પ્રમાણેની ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની મંજૂરી આપવાની કાર્યવાહી સત્વરે પૂરી કરી, તેમને કર્મચારીના અવસાનની તારીખથી ત્રણ માસમાં આ સહાયની રકમ મળે, તે જોવાનું રહેશે.

૫. ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબના સભ્યને રહેમરાહે નિમણૂક આપવા માટેની તમામ પડતર અરજીઓનો આ નવી યોજના પ્રમાણે નિકાલ કરવાનો રહેશે.

૬. ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર સ્વર્ગસ્થ કર્મચારીના આશ્રિત કુટુંબના સભ્યને રહેમરાહે નિમણૂક આપવાની આ અગાઉની યોજના અન્વયે જે કેસોનો અસ્વીકાર કરવામાં આવેલ છે, તેવા કેસોની આ યોજના અન્વયે, કોઇ પુનઃ વિચારણા કરવાની રહેશે નહિ.

૭. આ યોજના ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર રાજય સેવા તથા પંચાયત સેવાના કર્મચારીઓ ઉપરાંત ગ્રાન્ટ-ઈન-એઇડ સંસ્થાઓના ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર તમામ વર્ગ-૩ અને વર્ગ-૪ના આશ્રિત કુટુંબના કિસ્સામાં પણ સમાન રીતે લાગુ પડશે.

૮. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા: ૧૮-૪-૨૦૧૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે રવાના કરવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે.એમ.જોશી

( જે.એમ.જોશી )

ઉપ સચિવ,

સામાન્ય વહીવટ વિભાગ,

ગુજરાત સરકાર.

પ્રતિ,

નામ. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સર્વે માન. મંત્રીશ્રીઓ/ રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/ સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
મુખ્ય સચિવશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ.
એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ-૧૫.
સર્વે ખાતાના વડાની કચેરીઓ.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
સિલેકટ ફાઈલ / ક - શાખા.

- <u>પત્ર દ્વારા.</u>